

# હાથ શોભાવશે સ્ટાઇલિશ બ્રેસલેટ



આજના દોરમાં પર્સનાલિટીને લાઈટ અપ કરવા માટે એક્સેસરીઝ બહુ જરૂરી હોવાનું માનવામાં આવે છે. કોલેજ હોય, ઓફિસ લુક હોય કે કોઈ પાર્ટીમાં ગ્લેમરસ દેખાવું હોય તો એક સ્ટાઈલિશ બ્રેસલેટ સમગ્ર આઉટફિટનો લુક બદલી શકે છે. આજકાલ માર્કેટમાં ઘણા પ્રકારનાં ટ્રેન્ડી બ્રેસલેટ્સ મળે છે જે દરેક ઉંમર અને દરેક સ્ટાઈલને આકર્ષિત કરે છે. પહેલાં જ્યાં ટ્રેડિશનલ ડિઝાઈનનું વધુ ચલણ હતું ત્યાં હવે મોડર્ન અને ફ્યુઝન ડિઝાઈન્સવાળા બ્રેસલેટ ટ્રેન્ડમાં છે.



## મિનિમલ બ્રેસલેટ

‘લેસ ઈઝ મોર’ ટ્રેન્ડ ઘણો લોકપ્રિય છે. આ જ કારણે મિનિમલ ડિઝાઈનવાળા બ્રેસલેટ મહિલાઓની પહેલી પસંદ બન્યાં છે. પાતળી ચેન, નાના પેન્ડન્ટ અને સિમ્પલ ડિઝાઈનવાળાં બ્રેસલેટ ડેઈલી વેર માટે પર્ફેક્ટ ગણાય છે. ગોલ્ડ, સિલ્વર અને રોઝ ગોલ્ડ ફિનિશવાળા, મિનિમલ બ્રેસલેટ ઓફિસ લુક સાથે ક્લાસી દેખાય છે. એને વોચ સાથે સહેલાઈથી પેર કરી શકાય છે.



## બીડેડ બ્રેસલેટ

એ રંગીન મોતીઓ, સ્ટોન્સ અને ક્રિસ્ટલ્સમાંથી બનાવવામાં આવે છે. એ ઘણાં આકર્ષક અને સ્ટાઈલિશ હોય છે. બોહો અને ઈન્ડો વેસ્ટર્ન ફેશન માટે એ એક સારો વિકલ્પ છે. આજકાલ નેચરલ સ્ટોન્સ અને પર્લ બીડ્સવાળાં બ્રેસલેટ્સ ઘણાં ટ્રેન્ડમાં છે. એને કુરતી, લોન્ગ સ્કર્ટ અને કેઝ્યુઅલ ડ્રેસ સાથે સહેલાઈથી સ્ટાઈલ કરી શકાય છે.

ગોલ્ડ અને સિલ્વર પ્લેટેડ બ્રેસલેટ

તમને ક્લાસી અને એલિગન્ટ લુક પસંદ હોય તો ગોલ્ડ અને સિલ્વર પ્લેટેડ બ્રેસલેટ્સ સારો ઓપ્શન છે. આ બ્રેસલેટ્સ ફોર્મલ અને ટ્રેડિશનલ બંને લુક્સ સાથે પરફેક્ટ લાગે છે. ઓફિસ મીટિંગ, લગ્ન, પાર્ટી કે તહેવાર જેવા ખાસ અવસરે એને સાડી, સૂટ કે ગાઉન સાથે પેર કરી શકાય છે.

એ આજકાલ મહિલાઓમાં સૌથી વધુ પસંદ કરવામાં આવતાં બ્રેસલેટ છે. એમાં નાનાં નાનાં ચાર્મ લગાડેલાં હોય છે. આજકાલ હાર્ટ, સ્ટાર, મૂન, ફ્લાવર અને અક્ષરવાળા ચાર્મ્સ ઘણા ટ્રેન્ડમાં છે. આ બ્રેસલેટ કેઝ્યુઅલ્સ અને પાર્ટી બંને લુક્સ સાથે સારાં લાગે છે.

## બોહો અને સ્ટેકેબલ બ્રેસલેટ

તમને થોડો હટ કે અને ટ્રેન્ડી લુક પસંદ હોય તો બોહો અને સ્ટેકેબલ બ્રેસલેટ તમારા માટે સારો વિકલ્પ છે. આ બ્રેસલેટ રંગબેરંગી બીડ્સ, શેલ્સ, થ્રેડ્સ અને મલ્ટી લેયર ડિઝાઈનમાં મળે છે. બીચ વેકેશન, ટ્રાવેલિંગ અને સમર ફેશન દરમિયાન બોહો બ્રેસલેટ્સ શ્રેષ્ઠ વિકલ્પ છે.

## કફ બ્રેસલેટ

કફ બ્રેસલેટ પહોળી ડિઝાઈનવાળા બ્રેસલેટ હોય છે, જે મહિલા યુનિક અને મોડર્ન ફેશન અપનાવવા માંગતી હોય તેમને આ બ્રેસલેટ પસંદ આવે છે. સિંગલ કફ બ્રેસલેટ સિમ્પલ ડ્રેસ સાથે કેરી કરી શકાય. મેટલ, ઓક્સિડાઈઝ્ડ અને ડિઝાઈનર કફ બ્રેસલેટ આજકાલ ઘણાં ટ્રેન્ડમાં છે.

## ટેનિસ બ્રેસલેટ

ડાયમંડ કે સ્ટોન સ્ટડેડ ટેનિસ બ્રેસલેટ સોફિસ્ટિકેટેડ અને રોયલ લુક આપે છે. પાર્ટી, રીસેપ્શન અને ઈવનિંગ ઈવેન્ટ્સ માટે શાનદાર વિકલ્પ છે.

## ઓક્સિડાઈઝડ બ્રેસલેટ

ઓક્સિડાઈઝ્ડ બ્રેસલેટ ઈન્ડિયન અને વેસ્ટર્ન, ફ્યુઝન આઉટફિટ્સ સાથે ખૂબસૂરત લાગે છે. કેઝ્યુઅલ કે ફેસ્ટિવ લુક માટે પર્ફેક્ટ ઓપ્શન છે.

## રોઝ ગોલ્ડ અને પ્રીમિયમ ડિઝાઈન

રોઝ ગોલ્ડ જ્વેલરીનો ટ્રેન્ડ છેલ્લાં થોડાં વર્ષોથી ઝડપથી વધી રહ્યો છે. એ એલિગન્ટ અને પ્રીમિયમ લુક આપે છે. પાર્ટી, વેડિંગ અને ફેસ્ટિવ લુક માટે એ પર્ફેક્ટ માનવામાં આવે છે. રોઝ ગોલ્ડ બ્રેસલેટ સાડી, ગાઉન અને વેસ્ટર્ન આઉટફિટ્સ સાથે સહેલાઈથી કેરી કરી શકાય છે.



## સ્ટાઇલિંગ ટિપ્સ

### આઉટફિટ અનુસાર બ્રેસલેટ પસંદ કરો:

જો વેસ્ટર્ન આઉટફિટ પહેરતાં હો તો મિનિમલ કે લેયર બ્રેસલેટ સારાં લાગશે. એથનિક ડ્રેસ સાથે ઓક્સિડાઈઝ્ડ કે સ્ટોન વર્કવાળાં બ્રેસલેટ એલિગન્ટ લાગશે.

### લેયરિંગ ટ્રેન્ડ અપનાવો:

આજકાલ ઘણાં બધાં બ્રેસલેટ એક સાથે પહેરવાનો ટ્રેન્ડ ઘણો લોકપ્રિય છે. એને બ્રેસલેટ લેયરિંગ કહી શકાય. અલબત્ત, લેયરિંગ કરતી વખતે રંગ અને ડિઝાઈનનું બેલેન્સ જાળવી રાખવું જરૂરી છે.



### ઘડિયાળ સાથે સ્ટાઈલ કરો:

ઘડિયાળ અને બ્રેસલેટનું કોમ્બિનેશન હંમેશાં આકર્ષક લાગે છે. વોચ સાથે પાતળી ચેન બ્રેસલેટ કે સ્ટોન બ્રેસલેટ પહેરી પ્રોફેશનલ અને ટ્રેન્ડી લુક મેળવી શકાય.

